# ૧૫ ઓગષ્ટ –૨૦૧૬ (સોમવાર)

**(૧) સ્વતંત્રતા દિવસ :**

– નવી દિલ્હીમાં લાલ કિલ્લા ખાતે ૭૦માં સ્વતંત્રતા પર્વની ઉજવણી થશે.

– રાજ્યકક્ષાના સ્વતંત્રતા દિવસની ઉજવણી મોરબી ખાતે થશે.

– સ્વાતંત્ર્યદિનની પૂર્વ સંધ્યાએ સરકારે એક અશોકચક્ર ૧૪ શૌર્યચક્ર, ૬૪ સેના મેડલ, બે નૌસેના મેડલ બે વાયુસેના મેડલ એનાયત કરવાની જાહેરાત કરી

– મે મહિનામાં ઉત્તર કાશ્મિરમાં ૧૩૦૦ ફૂટની ઉંચાઇએ ઘૂસણખોરોન ઠાર માર્યા પછી શહીદ થયેલા હવાલદાર હંગપનદાદાને મણોતર અશોકચક્રથી નવાજવામાં આવશે.

– અશોકચક્ર શાંતિ સમયમાં લશ્કરના જવાનને આપવામાં આવતો સર્વોચ્ચ એવોર્ડ છે.

– હવાલદાર હંગપનદાદા અરૂણાચલપ્રદેશમાં વતની હતા

– આ ઉપરાંત ગુજરાતના ૨ આઇપીએસ સહીત ૧૯ પોલિસ અધિકારી અને જવાનોને વિશિષ્ઠ સેવા અને પ્રશંસનીય સેવા અંગેના પોલીસ ચંદ્રકો અપાશે.

– ગુજરાતના ૨ આઇપીએસ અધિકારી :
  (૧) પ્રમોદકુમાર – સીઆઇડીના વડા
  (૨) એસ.એ.ઝભ્ભા – ડીવાયએસપી, મહિસાગર

**(૨) નર્મદા કેનાલ પર સ્મોલ હાઇડ્રો પાવર પ્લાન્ટ બનશે.**

– નર્મદા ડેમથી નિકળી સરદાર સરોવર ડેમની ૪૮૫ કિમી લાંબી મુખ્ય કેનાલ રાજસ્થાન સુધી જાય છે.

– જેની ચાર બ્રાન્ચ કેનાલ પર સરદાર સરોવર નર્મદા નિગમ લી. દ્વારા વિવિધ સ્થળે સ્મોલ હાઇડ્રો પાવર પ્લાન્ટ શરૂ કરી વિજળીનું ઉત્પાદન કરવાની યોજના શરૂ કરાઇ છે.

**(૩) રાજ્યકક્ષાની સાયકલ સ્પર્ધા :**

– તાજેતરમાં જૂનાગઢ ખાતે રાજ્યકક્ષાની બીજી માઉન્ટ એડવેંચર સાઇકલ સ્પર્ધાનું આયોજન થયું હતું.

– આ સ્પર્ધામાં ૧૮ જિલ્લાના ૫૪ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં ૧૪ રમતવીરોની રાષ્ટ્રીય સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી.

**(૪) માઇકલ ફેલ્પ્સ : અમેરિકન સ્વિમર :**

– અમેરિકાના મહાન સ્વિમર માઇકલ ફેલ્પ્સે ઓલિમ્પિકમાં ૪ બાય ૧૦૦ મીટર મેડલે રિલેમાં ગોલ્ડ મેડલ મેળવી સ્વિમીંગમાંથી નિવૃત્તી લીધી.

– ફેલ્પ્સેનો કારકીર્દિનો આ ૨૩ મો ગોલ્ડ અને ઓવરઓલ ૨૮મો મેડલ હતો.

**(૫) અમદાવાદ–નેવાર્ક ફલાઇટનો શુભારંભ :**

– સ્વાતંત્ર્ય દિને અમદાવાદ યુએસએ સાથે હવાઇમાર્ગે જોડાશે.

– આ ફલાઇટ અમદાવાદથી વાયા લંડન થઇ નેવાર્ક સુધી જશે.

– પ્રારંભીક ઉડાન : ૧૫ મી ઓગસ્ટ, ૨૦૧૬

પ્રશ્નો :

(૧) ૧૫ મી ઓગસ્ટના રોજ ગુજરાતથી કઇ આંતરારાષ્ટ્રીય ફલાઇટની શરૂઆત થઇ ?
– અમદાવાદ–નેવાર્ક (વાયા લંડન)

(૨) નર્મદા કેનાલ પર ૮૫ મેગાવોટ વિજળી ઉત્પાદન માટે સ્મોલ હાઇ ડ્રો પાવર પ્લાન્ટ બનશે જેમાં સરકાર દ્વારા અંદાજીત કેટલો ખર્ચ થશે.

(૩) તાજેતરમાં રાજ્યકક્ષાની સાઇકલ સ્પર્ધા કયાં યોજાઇ ?
– જૂનાગઢ

(૪) તાજેતરમાં કયાં અમેરિકન સ્વિમર સ્વિમંગમાં નિવૃત્તીની જાહેરાત કરી ?
– માઇકલ ફેલ્પસ

(૫) ૧૫ ઓગસ્ટ, ૨૦૧૬ કેટલામો સ્વતંત્રતા દિવસ યોજાયો ?
– ૭૦ મો

(૬) ૭૦માં સ્વતંત્રતા દિને કયાં શહિદને મરણોપરાંત અશોક ચક્રની જાહેરાત થઇ ?
– હવાલદાર હંગપનદાદા

(૭) સ્વાતંત્રદિનની પૂર્વ સંધ્યાએ કેટલા પોલીસ અધિકારી અને જવાનોને વિશિષ્ટ મેડલની જાહેરાત કરાઇ ?
– ૧૯